ફોજદારી કેસ નંબરઃ–૨૬૧૨/૨૦૧૬.

## <u>આંક – ૬૦ લગત હુકમ</u>

**૧.** હાલની અરજી આરોપી દ્રારા ફરીયાદી ની ફરીયાદ સી. આર.પી.સી. કલમ– ૨૫૬ અન્વયે રદ કરવા દાખલ કરેલ, જેમા મુખ્યત્વે રજૂઆત એવી છે કે, આરોપી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ મા ક્રિ. પરચૂરણ અરજી નં– ૧૬૩૦૪/૨૦૧૯ ની દાખલ કરેલ જે અરજી તા.૨૬/૦૮/૨૦૧૯ ના રોજ ફેસલ થતા તેમા નામદાર હાઈ કોર્ટે બને એટલી ઝડપી કેસની કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ. જે હકીકત આરોપી દ્રારા તા.૧૮/૦૯/૨૦૧૯ ના રોજ આંક– ૫૬ ની પુરસીશ થી જાહેર કરેલ છે. ત્યારબાદ પણ ફરીયાદી તરફે એક યા બીજા કારણોસર મુદૃત માંગી કેસ આગળ ચલાવવામાં આવેલ નથી. ફરીયાદીએ હાલની ફરીયાદ બોગસ અને ફ્રોડ દસ્તાવેજો ઉભા કરી દાખલ કરેલ હોય, ફરીયાદી વિરુધ્ધ નેત્રંગ પો. સ્ટે. ફર્સ્ટ ગુ. રજી. નં– ૪૭/૨૦૧૮ થી ફરીયાદ દાખલ થયેલ છે. જે કામે પણ તેઓ નાશતા ફરતા આરોપી છે. નામદાર કોર્ટ રૂબરૂ હાજર રહેતા નથી. જે તમામ હકીકતો ધ્યાને લઈ ફરીયાદીની ગેરહાજરી ની નોધ લઈ ફરીયાદ રદ કરવા અરજ ગુજારેલ છે.

**૨.** આરોપી તરફે વિ.વ. શ્રી કે.પી. કળસરીયા નાઓએ મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, આ કામે આરોપી ની પ્લી તા.૧૨/૦૯/૨૦૧૮ ના રોજ નોધાયા બાદ આંકે પાડવાની અરજી તા.૨૭/૦૯/૨૦૧૮ ના રોજ ફેસલ કરવામાં આવેલ અને ત્યાર થી હાલના ફરીયાદીની ઉલટ તપાસ માટે પેન્ડીગ છે અને ફરીયાદીની સતત ગેરહાજરી ના કારણે ફરીયાદીની ઉલટ તપાસ થઈ શકેલ નથી. જેથી નામદાર સુપ્રિમ કોર્ટના એસ.રામાકિષ્નન વિ. એસ. રામી રેડી ના ૨૦૦૮(૨) જી.એલ.એચ. પાના નં– ૪૩૪ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાતો મુજબ ફરીયાદીની ફરીયાદ રદ કરવી જોઈએ.

**૩.** ફરીયાદી તરફે વિ. વ. શ્રી. એ. એચ. લાલ નાઓએ મુખ્યત્વે રજુઆત કરેલી છે કે, સી. આર. પી. સી. કલમ– ૨૫૬(૧) અન્વયે ની સત્તા નામદાર કોર્ટની વિવેકાધિન સત્તા છે. તે સત્તા વાપરવી કે ન વાપરવી તે નામદાર કોર્ટ ની વિવેક બુધ્ધિ ઉપર આધાર

રાખે છે. આરોપી સદર સત્તા વાપરવા નામદાર કોર્ટને ફરજ પાડી શકે નહી. તદુપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના સુબ્રણયમસેથુ રમન વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ના (૨૦૦૪)૧૩ એસ.સી.સી પાના નં– ૩૨૪ ના ઉપર પ્રસિઘ્ધ થયેલ ચૂકાદ મુજબ નામદાર કોર્ટ દ્વારા આરોપી વિરુઘ્ધ સી.આર.પી.સી. કલમ– ૨૦૪ અન્વયે પ્રોસેસ કાઢયા બાદ તથા આરોપી ની પ્લી રેકર્ડ થયા બાદ નામદાર કોર્ટને તે પ્રોસેસ રદ કરવાની સત્તા રહેતી નથી અને તે પ્રોસેસ રદ કરાવવા એક માત્ર ઉપાય સી. આર. પી. સી કલમ – ૪૮૨ અન્વયે ની જોગવાઈઓ હેઠળ પ્રાપ્ત થાય છે. આરોપી તરફે જે રજૂઆત થયેલ છે કે, હાલની ફરીયાદ બોગસ બનાવટી દસ્તાવેજો ના આધારે દાખલ કરેલ છે તે પુરાવાનો વિષય છે અને તે હકીકત હાલના કેસમાં અથવા તો ફરીયાદી વિરુઘ્ધ જે ફરીયાદ દાખલ થયેલ છે તે ફરીયાદ ના કામે નિર્ણીત થઈ શકે છે. ફરીયાદી આજની તારીખે પણ કોર્ટમાં હાજર છે અને આરોપી જો ફરીયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોય તો તેઓ આજ રોજ પણ ઉલટ તપાસ કરી શકે છે.

**૪.** ઉભયપક્ષની રજૂઆત ને કેસના સંજોગો સાથે ઘ્યાને લેતા, આ કામે ફરીયાદી ની આંક– ૫ ની ફરીયાદ સાથે રજૂ થયેલ દસ્તાવેજો ને આંક પાડવાની અરજી તા.૨૭/૦૯/૨૦૧૮ ના રોજ અંશતઃ મંજૂર થયેલ તે પહેલા આરોપી દ્વારા તા.૧૪/૧૨/૨૦૧૬ ના રોજ સી. આર. પી. સી. કલમ– ૨૪૫ અન્વયે આરોપી ને ડીસચાર્જ કરવા અરજી દાખલ કરેલ. જે અરજી તા.૦૫/૦૮/૨૦૧૭ ના રોજ મારા પૂરોગામીએ નામંજૂર કરેલ. જે અરજી વિરુઘ્ધ આરોપી દ્વારા નામદાર ડીસ્ટ્રીક કોર્ટમાં ક્રિ. રીવીજન અરજી નં– ૫૦/૨૦૧૭ થી ક્રિ. રીવીજન અરજી તા.૦૭/૦૯/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ. જે અરજી તા.૧૩/૦૭/૨૦૧૮ ના રોજ નામંજૂર થતા આરોપી તરફે નામદાર હાઈકોર્ટમા ક્રિ.પરચૂરણ અરજી નં– ૧૬૩૦૪/૨૦૧૯ ની દાખલ કરવામાં આવેલ જેને પ્રથમ ક્રિમીનલ પરચૂરણ અરજી નં– ૧૬૮૭૬/૨૦૧૯ આપવામાં આવેલ જેમા વાંધાઓ દૂર કરવાના બાકી હોય તે વાંધાઓ દુર થતા ક્રિમીનલ પરચૂરણ અરજી નં– ૧૬૩૦૪/૨૦૧૯ પડેલ. સદર અરજી તા.૨૬/૦૮/૨૦૧૯ ના રોજ આરોપીના વિ.વ. શ્રી એ પરત ખેચવા પરવાનગી માંગેલ અને વિનંતી કરેલ કે, અત્રે ની અદાલત ને કેસની કાર્યવાહી ઝપડી ચલાવી લેવા ડાઈરેકશન આપે. તે સંજોગોમાં નામદાર હાઈકોર્ટ તે

અરજ  પરત ખેચવા પરવાનગી આપેલ  અને અત્રે ની કોર્ટમાં પેન્ડીગ અન્ય કેસો ઘ્યાનમાં રાખી બને તેટલી ઝડપી હાલના કેસ નો ન્યાય નિર્ણય કરવા ડાઈરેકશન આપેલ. કેસનું રેકર્ડ ઘ્યાને લેતા  આરોપીની પ્લી નોધાયા બાદ આરોપી તરફે ડીસ્ચાર્જ અરજી દાખલ કરેલ તે અરજી નામંજૂર થતા નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ માં રીવીજન અરજી દાખલ કરેલ અને તે રીવીજન અરજી પણ નામંજૂર થતા નામદાર હાઈકોર્ટમાં પરચૂરણ અરજી દાખલ કરેલ. જે અરજી પણ આરોપી દ્રારા પરત ખેચવામાં આવેલ. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન આરોપી તરફે મુદ્દતો માંગવામાં આવેલ અને અનેક વાર  આરોપીને છેલ્લી મુદ્દત આપવામાં આવેલ. આરોપી તરફે નામદાર હાઈકોર્ટ નો સદર હુકમ તા.૧૮/૦૯/૨૦૧૯ ના રોજ અત્રે રજુ કર્યા બાદ ફરીયાદી તરફે તા.૨૩/૧૦/૨૦૧૯  ના રોજ મુદ્દત માંગવામાં આવેલ અને ત્યારબાદ તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજ ફરીયાદીની તબિયત નાદુરસ્ત ના કારણે મુદ્દત માંગવામાં આવેલ અને જે મુદ્દત અરજી સાથે મેડીકલ સર્ટીફીકેટ પણ રજૂ કરવામાં આવેલ. આમ, ફરીયાદીએ બે મુદ્દત માં મુદ્દત અરજી આપ્યા બાદ ત્રીજી મુદ્દતે આરોપી તરફે હાલની અરજી આપવામાં આવેલ અને ત્યારબાદ કોરોના ની મહામારી શરૂ થતા મોટાભાગના અરસામાં કોર્ટો બંધ રહેલ.

**૫.** આમ, રેકર્ડ ઉપર ની હકીકતો ઘ્યાને લેતા હાલના કેસમાં મોટા ભાગનો વિલંબ આરોપીના કારણે થયેલ છે અને આરોપીને અલગ અલગ ફોરમ મા તેમનો બચાવ કરવા પૂરતી તક મળેલ છે અને છેલ્લે નામદાર હાઈકોર્ટમાં તેમની અરજી વિડ્રો  થયા બાદ ફકત બે મુદ્દત ફરીયાદી તરફે માંગવામાં આવેલ છે જે ગેરવાજબી ગણી શકાય નહી. અને ફરીયાદી તરફે થયેલ રજુઆત મુજબ આજ રોજ પણ  ફરીયાદી કોર્ટમા હાજર હોવા છતા આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવાને બદલે હાલની અરજી ની સુનવણી કરવામાં આવેલ છે.

**૬.** આરોપી તરફે આધાર રાખવામાં આવેલ એસ.રામાકિષ્નન વિ. એસ. રામી રેડી ના ચુકાદામાં મૂળ ફરીયાદી ગુજરી ગયા બાદ લાંબા સમય સુધી તેમના વારસો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ ન હતા. ફરીયાદ પક્ષે ફરીયાદ ચલાવવામાં રસ ન હોય તેવું રેકર્ડ ઉપર જણાતા ટ્રાયલ કોર્ટે ફરીયાદ સી.આર.પી.સી. કલમ– ૨૫૬(૧)  અન્વયે રદ કરતો હુકમ કરેલ જે હુકમ નામદાર હાઈકોર્ટે રદ કરતા આરોપી નામદાર સુપ્રિમ કોર્ટ મા

તે હુકમને પડકારેલ અને તે હુકમ ના કામે નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખેલ. સદર કેસના સંજોગો હાલના કેસ કરતા તદ્દન વિપરીત છે. હાલના કામે આરોપી એક યા બીજા પ્રકરણ ઉભા કરી કેસ ચલાવવામાં વિલંબ કરેલ છે. જયારે આરોપી તરફે ની તમામ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ફરીયાદી તરફે ફકત બે મુદ્દત માંગવામાં આવેલ છે. જેથી સદર ચૂકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંત હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી. ફરીયાદી તરફે આધાર રાખવામાં આવેલ સુબ્રમણયમસેથુ રમન વિરુઘ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ના ચુકાદા માં પ્રસ્થાપિત સિઘ્ધાંત હાલના કેસમાં લાગુ પડતા નથી અને યોગ્ય કિસ્સામાં કેસ હોય યોગ્ય સ્ટેજ ઉપર સી.આર.પી.સી. કલમ– ૨૫૬(૧) ની સત્તા વાપરી શકાય છે. પરંતુ તે સત્તા હાલના કેસમા હાલના તબકકે વાપરવી યોગ્ય કે વ્યાજબી જણાતું નથી.

**૭.** આરોપી તરફે આ કામે જે રજૂઆત થયેલ છે કે, ફરીયાદીએ બોગસ બનાવટી દસ્તાવેજો ના આધારે ફરીયાદ દાખલ કરેલ છે તે પુરાવાનો વિષય છે અને તે અંગે હાલના તબકકે કોઈ નિર્ણય આપવો વ્યાજબી નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતા આરોપી ની હાલની અરજી મંજૂર થવા પાત્ર નથી. જેથી ન્યાય ના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**૧.** હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

**૨.** ન્યાય ના હિતમાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહેઃજૂન, સનેઃ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Sd/-**
**(એ.એમ.વર્મા)**
પ્રિ.સીનીયર સિવીલ જજ અને
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર,જી.જે.૦૦૫૭૭.

તા.૩૦/૦૬/૨૦૨૧.
અંકલેશ્વર.